# વૈજ્ઞાનિક પધ્ધતિથી પાડી/વાછરડીનો ઉછેર

ડૉ. હિતેશ પરમાર
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
ન. કૃ. યુ. સુરત _ ૩૯૫ ૦૦૭

પશુપાલનમાં દૂધ એ આવકનો મુખ્ય સ્ત્રોત છે. દૂધ માટે જાનવરનું વિયાણ થવું જરૂરીછે. પરંતુ સમયસર વિયાણ અને પ્રથમ વિયાણની ઉમંર ઘટાડવા માતે વૈજ્ઞાનિક પધ્ધતિથી પાડી/ વાછરડીનો ઉછેર કરવો ખુબજ જરૂરી છે.

સામાન્ય રીતે પશુપાલનનાં ધંધામાં દર વર્ષ ૨૦-૩૦% જાનવરોને (ગાય/ભેંસ) તેની વધતી ઉમંર,ગર્ભ ધારણ કરવામાં અનિયમિતતા, એક અથવા વધારે આંચળમાં થયેલું નુકશાન અને દુધનું ઓછું ઉત્પાદન જેવા કારણોને ધ્યાનમાં લઇને જાનવરોનું વેચાણ કરતાં હોય છે. તો તેની સામે એટલા નવા જાનવરો ઉમેરવા પણ પડે તોજ ઘણાની સંખ્યા જળવાઇ રહે તો આ નવા ૨૦-૩૦% જાનવરો ઉમેરવા માટે આપણી પાસે મુખ્ય વિકલ્પ પાડી/વાછરડીનો વૈજ્ઞાનિક પધ્ધતિથી ઉછેર કરવો ખૂબજ જરૂરી છેં.

આપણુ રાજય બીજા બીજા રાજયો કરતા દૂધ ઉત્પાદનમાં ઘણો પાછળ છે. જેનું મુખ્ય કારણ ઘર આંગણે બાંધેલા જાતવાન જાનવરોનો વંશવેલો ઉછેરવા આપણે કાળજી લેતા જ નથી.જો આપણે જાતવાન જાનવરો ઉછેર કરવામાં નિષ્ફળ જઇશું. તો હજુ પણ વિકટ પરિસ્થિતિ  આવવાની શકયતા છે. સારો ઉછેર અને સારી માવજત કરી પાડી-વાછરડીનું મરણ પ્રમાણ ૧૫% થી વધે નહી તે રીતે દર વર્ષે વધુને વધુ જાનવરો ઉમેરાય. જેથી બહારથી જાનવર લાવવાને બદલે ઓછુ ઉત્પાદન આપતા જાનવરો આપણે વેચી શકીએ તેમ છીએ. આ માટે જરૂર છે કે ઘર આંગણે પાડી-વાછરડી ઉછેર કરવાનાં પ્રયત્નો કરીએ તો વિકાસ વધે. મરણ પ્રમાણ ઘટે અને ઓછા ઉત્પાદનવાળા જાનવરોનું વેચાણ કરી જાતવાન જાનવરોનો ઉછેર કરી શકાય.

પાડી-વાછરડીઓનો ઉછેર વૈજ્ઞાનિક ઢબે કરવાથી તેનો શારીરીક વિકાસ સારો થતા પહેલા પખ્ત બને છે. સમયસર બીજદાર થતા વહેલી ગાભણ થાય છે. આપણા રાજયમાં સામાન્ય રીતે પાડીઓ ચાર-સાડાચાર વર્ષે વેતરમાં આવે છે. જયારે સારા ઉછેરવાળી કેટલીક પાડીઓ અઢી-ત્રાણ વર્ષે ગાભણ થાય છે. પુખ્ત ઉમંરના જાનવરનું વિયાણ મોડુ થાય તે સમય દરમ્યાન પશુપાલકનો ઘાસ,દાણ,માવજત વિગેરેનો ખર્ચ તો થાય છે સાથે-સાથે દૂધ ન મળવાનું પણ નુકશાન થાય છે. આવું આર્થિક નુકશાન અટકાવવા જન્મથી જ બચ્ચાનાં ઉછેર અને માવજત પ્રત્યે વિશેષ કાળજી રાખવી જોઇએ.

પાડી/ વાછરડીનાં મરણના કારણોમાં મુખ્યત્વે ચરમ, અપુરતુ પાણી અને કરાટું નહી પીવડાવવાથી થાય છે. જીલ્લાનાં દરેક પશુપાલક નાના બચ્ચા ને પ્રેમથી ઉછેર કરે તો આપણે સારા જાનવરો ઘર આંગણે ઉત્પન્ન કરી શકીએ  તેમ છીએ. તો બચ્ચાનાં ઉછેર માટે નીચેનાં મુદ્દાઓ ને આપણે ધ્યાન પર લઇશું.

૧. ભેંસનાં ગર્ભ કાળનાં આંઠ મહિના પછી દોહવાનું બંધ કરવુ. આ સમય દરમ્યાન ગર્ભાશયમાં બચ્ચાનો વિકાસ ઝડપી થતો હોવાથી ભેંસને ૧.૫ કિલો દાણ તથા ૨૦-૨૫ કિલો લીલો સૂકો ઘાસચારાનું મિશ્રણ નાનાં ટૂકડામાં આપવું.

૨. ગાભણ ભેંસ/ગાયને ચોવીસે કલાક તેની ઇચ્છા પ્રમાણે સ્વચ્છ પીવાનું પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી.

૩. ગાભણ ગાય/ ભેંસનેં સ્વચ્છ હવા ઉજાસવાળી તથા ભેંજરહીત,જંતુરહીત જગ્યાએ બાંધવી.

૪. વિયાણ સમયે બેસવાની જગ્યાએ પરાળની પથારી કરવી. વિયાણ શાંત વાતાવરણમાં કુદરતી રીતે  થવા દેવુ. વિયાણમાં મુશ્કેલી જણાય તો અણધક માણસોને ન બોલાવતા ડોકટરી સારવાર મેળવવાની વ્યવસ્થા કરવી.

૫. વિયાણ બાદ બચ્ચાને સ્વચ્છ કપડાથી સાફ કરવું. નાક, કાન, મોં માંથી ચિકણો પદાર્થ સાફ કરવો. નાળ લાંબો હાય તો સ્વચ્છ ચપ્પા વડે કાપી ટીચર આયોડીનનું પુમડું લગાડવું.

૬. જન્મ પછીનાં અડધાં કલાકની અંદરજ નવજાત પશુને ખીરૂ(ખરાટું) પીવડાવવું જોઇએ. જે બચ્ચાના વજનના દશમાં ભાગ જેટલું પીવડાવવું જોઇએ અને એક દિવસમાં ત્રણથી ચાર વખત સરખાં ભાગે આપવુ.

૭. બચ્ચાને શરૂઆતમાં ૧-૨ લીટર જેટલુ માંનું દૂધ આપવુ અને ત્રીજા માસમાં ધીરે-ધીરે દૂધ આપવાનું બંધ કરવું.

૮. પાડી/વાછરડી ૨-૩ અઠવાડીયાની થાય એટલે તેને કુણું ઘાસ, દાણ આપવાની શરૂઆત કરવી.

૯. બચ્ચું એક માસનું થાય ત્યારે દરરોજ ૧૦૦ગ્રામ જેટલુ દાણ આપવાનું શરૂ કરવું અને દર માસે ૧૦૦ગ્રામ વધારતા જવું. એક વરસની પાડી/ વાછરડી થાય ત્યાર સુધીમાં દરરોજ ૧ કિલો સુધી દાણ આપવું.

૧૦. બચ્ચાના પેટનાં કોઠાર (રૂમેન)નો વિકાસ વહેલો થાય તે માટે ૩ અઠવાડીયાની ઉમંરથી થોડું લીલું કુમળુ ઘાસ અને માતાનાં વાગોવાળુ ઘાસ ખવડાવવું.

૧૧. એક માસની ઉમંરે મલાઇ વગરનું દૂધ અને પ્રોટિનયુકત દાણનું મિશ્રણ બનાવી ધીમે-ધીમે દૂધનાં બદલામાં પાડી/ વાછરડીને આપી પાડી/વાછરડીઓનું મરણ પ્રમાણ ઘટાડી શકાય છે. કારણ કે આ ઉમંરે ખોરાકનાં અભાવે મરણ સૌથી વધું જોવા મળે છે.

૧૨. બચ્ચાને પૂરતી કસરત તથા સૂર્યપ્રકાશ મળી રહે તે માટે સવાર ના સમયમાં  વાડામાં થોડા સમય માટે છૂટા મુકવા.

૧૩. જન્મના એકવીસમાં દિવસે કૃમિનાશક દવા આપવી પછી ૬ થી ૯ મહિના સુધી દર મહીને અને ત્યાર બાદ એક વર્ષે અને દર વર્ષે આપવી.

૧૪. નાનાં બચ્ચાનાં વિકાસમા મિનરલ પાવડર સારૂ કામ કરે છે. ચાર માસની ઉમંર પછીથી દૈનિક ૧૦-૧૫ ગ્રામ (એક ચમચી) પાવડર આપવાથી વિકાસ સારો થાય છે અને ચામડી નો રોગ નીવારી શકાય છે.

૧૫. પાડી/ વાછરડીની સારી માવજત કરીએ તો તેનું દૈનિક વજન ઓછામાં ઓછું ૪૦૦ થી ૫૦૦ ગ્રામ જેટલું વધે અને બે વર્ષ માં વજન ૨૫૦ કિ. ગ્રામ થતા તે અવશ્ય તે વેતરે છે.

૨૦. પાડી નું વજન જોવા માટે નીચે આપેલા કોઠા પ્રમાણે દર અઠવાડીયે તની છાતી માપીને વજન જોવું.

૨૧. પાડીને/ વાછરડીને પાંચ માસની ઉમંરે પ્રથમ વખત ગળસૂંઢાની રસી મુકાવવી.અને ત્યાર બાદ દરવર્ષે ચોમાસા પહેલાં  આ રસી મુકાવી લેવી.

૨૨. પાડીને ચાર માસની ઉમંરે પ્રથમ વખત ખરવા-મૌવાસા રોગ વિરોધી રસી મુકાવવી અને ત્યાર બાદ દર છ માસે નિયમિત આ રસી મુકાવવી.

૨૩. પોતાના ઘરે કે તબેલામાં નાનાં બચ્ચાને પ્રેમથી હાથ ફેરવી બારીક નીરીકક્ષણ કરવા થી કોઇ પણ ચામડીનો રોગ હોય તો ખબર પડી જાય છે. ઉપરાંત બચ્ચાનો વિકાસ પણ વધારે થાય છે.

૨૪. આજની પાડી આવતી કાલની ભેંસ અને આજની વાછરડી આવતી કાલની ગાય એ ન ભુલવું જોઈએ એટલે જયારે જાનવર બિમાર જણાય ત્યારે યોગ્ય ઉપાય કરવો તથા જરૂર પડે તો ડોકટરની પણ સલાહ લેવી.

૨૫. પાડી/ વાછરડીઓ વેતરના ચિન્હો વત્તા ઓછા પ્રમાણમાં દર્શાવે છે. તેમ છતાં આવા ચિન્હો જણાય તે પછીના ૧૨થી ૨૪ કલાક સુધીમાં એક અથવા બે બીજદાન કરાવવાથી ગર્ભધારણ સફળતામાં પરિણામ સારૂ મળે છે.

૨૬. સારી જાતવાન  પાડી ઓને વેચશો નહિ અથવા ભાગે બંધાવશો નહિ. પરંતુ તેમનો ઘર આંગણે જ ઉછેર કરવો.

ooooo